# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/075 Dt. 29/07/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બરના લેડીઝ વીંગ દ્વારા 'મિશન સિંદુર' પર વકતૃત્વ સ્પર્ધા યોજાઇ

## વકતૃત્વ સ્પર્ધામાં ધોરણ પથી ૮, ધોરણ ૮થી ૧૨ અને કોલેજના વિદ્યાર્થીઓ એમ ત્રણ કેટેગરીમાં ૭૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની લેડીઝ વીંગ દ્વારા રવિવાર, તા. ૨૭ જુલાઇ ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'મિશન સિંદુર' વિષય પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધોરણ પથી ૮, ધોરણ ૮થી ૧૨ અને કોલેજના વિદ્યાર્થીઓ એમ ત્રણ કેટેગરીમાં ૭૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેઓએ મિશન સિંદુર પ્રત્યે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, દેશપ્રેમ અને રાષ્ટ્રીયતા જેવો ભાવ બાળપણથી જ બાળકોમાં આવે તો ભવિષ્યમાં સમર્પિત નાગરિકોના રૂપમાં તેઓનું ઘડતર થાય છે. મિશન સિંદુર જેવા વિષયો વિદ્યાર્થીઓમાં દેશની રક્ષા અંગે જાગૃતિ લાવે છે. એના પર વકતૃત્વ સ્પર્ધા જેવી સ્પર્ધાઓ દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે છે અને તેઓ પોતાના વિચારો નિર્ભયતાથી વ્યક્ત કરવા શીખે છે.

ચેમ્બરના લેડીઝ વીંગના ચેરપર્સન શ્રીમતી મયૂરીબેન મેવાવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, મિશન સિંદુર જેવો વિષય માત્ર વકતૃત્વ સ્પર્ધા પૂરતો સીમિત નથી, તે માનસિકતા છે જે દેશ માટે કંઈક કરવાનો ભાવ વિદ્યાર્થીઓમાં નાનપણથી જ વિકસાવે છે. વિદ્યાર્થીઓમાં દેશભક્તિના સંસ્કાર નાનપણથી જ વિકસે તો તેઓ જીવનભર કોઈને કોઈ રૂપે દેશસેવામાં જોડાયેલા રહે છે.

વકતૃત્વ સ્પર્ધામાં સુશ્રી ચારૂલતા અનાજવાલા, સુશ્રી જ્યોતિ ડોરા, સુશ્રી મહઝરીન વરિયાવા, સુશ્રી મહારૂખ ચીચગર અને સુશ્રી પીલુ ભાઠેનાએ જ્યુરી તરીકે સેવા આપી હતી.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા તથા લેડીઝ વીંગના વાઇસ ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મદ્રાસી અને સભ્યોના હસ્તે વિજેતા વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. ચેમ્બરના લેડીઝ વીંગના એડવાઇઝર શ્રીમતી રેશમાબેન માંડલેવાલાએ વકતૃત્વ સ્પર્ધામાં ઉપસ્થિત સર્વેનો આભાર માની સ્પર્ધાનું સમાપન કર્યું હતું.